## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




મોદીજીએ મનકી બાતમાં કહ્યું એમ તું કાશ્મીરવાળા જેવી છો... તું આ બાળકને હાથો બનાવી મારા પ્રેમની સ્વતંત્રતાની હત્યા કરવા માંગે છે...!!!

# ઈન્કમટેક્ષ ઓફીસરના નામે તોડ કરતી ગેંગ ઝડપાઈ

### ગાંધીનગર એલસીબીની ટીમે વેપારીની મદદ લઈને સેક્ટર-૨૩ ગોપાલ સ્વીટ માર્ટમાં ટ્રેપ ગોઠવી : તબક્કાવાર મુખ્ય સૂત્રધાર સુધી ટીમ પહોંચી : ત્રણની ધરપકડ : મુખ્ય સૂત્રધાર અગાઉ પણ નકલી પોલીસ બનીને તોડ કરતા ત્રણ વાર પકડાયેલો છે

ગાંધીનગર, તા. ૨૯

શહેરના સે. ૨૩ ખાતે સ્થિત ગોપાલ સ્વીટ માર્ટના મીઠાઈ-ફરસાણના વેપારી કૌશીકભાઈ સુખડીયાને ગઈકાલે તેમના જન્મ દિવસે જ ફોન આવ્યો... “ઈન્કમટેક્ષ ઓફીસર મી. મીણા વાત કરૂ છુ... રૂ. ૪૦ હજાર મોકલી આપો નહી તો ઈન્કમટેક્ષની રેડ કરીશ..’ આ નામના કોઈ અધિકારી ઈન્કમટેક્ષમાં ન હોવાથી કૌશીકભાઈને શંકા જતા પોલીસને જાણ કરી અને સે. ૨૩માં દુકાને રૂપિયા લેવા તેના માણસોને બોલાવીને એલસીબીએ ટ્રેપ ગોઠવી બે સાગરીતોને દબોચી લીધા હતા. તબક્કાવાર સાંજે એલસીબી મુખ્ય સૂત્રધાર સુધી પહોંચી ગઈ ત્યારે ખબર પડી કે જુગારમાં દેવાદાર થઈ ગયેલા અમદાવાદના શખ્સ આ પ્રકારે તોડ કરવા એક ગેંગ બનાવી દીધેલી છે અને મુખ્ય સૂત્રધાર શખ્સ અગાઉ પણ ત્રણ વાર નકલી પોલીસ તરીકે પકડાઈ ચુકેલો છે..! એલસીબીએ ત્રણેયની ધરપકડ કરીને સઘન પુછપરછ શરૂ કરી છે.

શહેરના જાણીતા વેપારી કૌશીકભાઈ સુખડીયાનો ગઈકાલે જન્મ દિવસ હતો. સવારથી તેમના મોબાઈલ ફોન પર શુભેચ્છાઓની વર્ષા થઈ રહી હતી. દરમ્યાન સાડા દશ વાગ્યાના અરસામાં એક ફોન આવ્યો... “હુ મીણા સાહેબ બોલુ છુ.. ઈન્કમટેક્ષ ઓફીસર..! મારા પિતાને સાલ હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. ઓપરેશન બાદ બે લાખનું બીલ થયુ છે રૂ. ૪૦ હજાર ખુટે છે. સાલ હોસ્પિટલમાં મોકલાવી દો..! નહી તો તમારે ત્યાં ઈન્કમટેક્ષની રેડ પડશે” આ જ સમયે કૌશીકભાઈના ઘરે તેમને શુભેચ્છા આપવા અન્ય નામાંકીત વ્યક્તિઓ બેઠા હતા. કોલ અંગે કૌશીકભાઈએ તેમને પણ વાત કહી..! મીણા સાહેબ નામનુ કોઈ અધિકારી ઈન્કમટેક્ષમાં ન હોવાનું તેમણે જણાવતા આ બોગસ તત્વોને પોલીસ પાસે પહોંચાડી દેવા નક્કી કરી જિલ્લા પોલીસ વડાને ઘટનાથી વાકેફ કર્યા હતા. જિલ્લા પોલીસ વડા વિરેન્દ્રસિંહ યાદવે એલસીબીને છટકુ ગોઠવવા આદેશ કરતા પીએસઆઈ આર.એન. વાઘેલા તથા ટીમે કૌશીકભાઈનો સંપર્ક કરી તે શખ્સને સે. ૨૩ સ્થિત તેમની દુકાને બોલાવવાનું છટકુ ગોઠવ્યું. મીણા સાહેબના નામે ફોન કરનાર શખ્સ તો ન આવ્યો પરંતુ બે માણસોને સે. ૨૩માં મોકલુ છુ તેવુ કહી ફોન મુકી દીધો હતો. દોઢેક વાગ્યાના અરસામાં સે. ૨૩માં એક શખ્સ આવી પહોંચ્યો અને કૌશીકભાઈની પાસે જઈને મીણા સાહેબને ફોન જોડી આપ્યો..! ૪૦ હજારની સગવડ રજાનો દિવસ હોવાથી નહી થઈ શકે.. ૨૦-૨૫ હજાર થાય તેટલા કરી આપીશ... તેવી વાત કૌશીકભાઈએ મીણા સાહેબ નામના શખ્સને અગાઉના કોલમાં જ કહી દીધી હતી. રૂ. ૫ હજાર તે શખ્સને આપ્યા અને બાજુમાં ઉભેલી એલસીબીની ટીમે તેને દબોચી લઈ અન્ય સાગરીત અંગે પૃચ્છા કરી હતી. બગીચા પાસે તે શખ્સ મોપેડ લઈને ઉભો હોવાનું જણાવતા ત્યાં જઈને તેને પણ પકડી પાડ્યો હતો. અમદાવાદ બાપુનગર વિસ્તારના હિરેન મુળજી પટેલ અને હિતેશ મહેશ સૈન નાના આ બંને શખ્સને પકડી લેવામાં આવ્યા પરંતુ મુખ્ય સૂત્રધાર આમાંથી એકેય ન હતો. હવે મીણા સાહેબના નામે ફોન કરનાર શખ્સને પકડવા તેના જ બંને સાગરીતોની મદદ લઈ એલસીબીની ટીમે રૂપિયા મળી ગયા હોવાનો કોલ કરાવ્યો હતો. રૂપિયા પહોંચાડવાનું કહીને સાંજે તેના સુધી પણ પોલીસ પહોંચી ગઈ હતી. ઈસનપુર અમદાવાદ વિસ્તારના રાજેશ નરેન્દ્ર ત્રિવેદી નામનો શખ્સ મુખ્ય સૂત્રધાર હતો. તેની પુછપરછ કરતા તે જુગાર રમવાનો શોખીન હોવાનું તથા ત્રણેક લાખનું દેવુ થઈ ગયુ હોવાનું જણાવી રહ્યો હતો. અગાઉ પણ તે અમદાવાદ સીટીમાં સાબરમતી તથા બાપુનગર પોલીસ ઉપરાંત નવસારી પોલીસના હાથે નકલી પોલીસ તરીકે તોડ કરતા પકડાઈ ચુકેલો છે. ત્રણેય શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ માટે એલસીબીની ટીમે સે. ૨૧ પોલીસને સોંપ્યો છે.



### અખબારો વાંચીને શિકાર શોધતો

એલસીબીની ટીમે ટ્રેપ ગોઠવીને મુખ્ય સૂત્રધાર રાજેશ ત્રિવેદીને પકડી પુછપરછ કરતાં જાણવા મળ્યું છે કે વિવિધ જિલ્લાઓમાં આવી અનેક ગેંગ સક્રીય છે. અખબારો વાંચીને આ શખ્સ શિકાર શોધતો હતો. ‘વાગ્યુ તો તીર નહી તો તુક્કો’ બેસણાની જાહેરાત વાંચીને તેમાં લખેલા નંબર પર ફોન કરી બાળકોને જમાડવા ટ્રસ્ટમાં ડોનેશન આપો તેમ કહીને પહોંચી જતો અને ડોનેશનના બહાને પણ ઉઘરાણા કરતો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસ તે દીશામાં પણ તપાસ કરી રહી છે.

## ખૂણે ખાંચરેથી...

● સચિવાલયમાં કર્મચારીઓ માટે ચાલતી ન્યુ ક્રેડિટ સોસાયટીએ સભ્ય બનાવવાના તેના નિયમો હળવા કરી કરાર આધારિત ત્રણ વર્ષની નોકરી પૂર્ણ કરી હોય તેવા કર્મચારીઓને પણ સભાસદ બનાવવાનો નિર્ણય કર્યો છે.

● મહાત્મા મંદિરમાં આજે સિનેમેટીક ટુરિઝમના એક દિવસીય સેમિનારમાં ભાગ લેવા ફિલ્મ જગતની હસ્તીઓ કેતન મહેતા, પરેશ રાવલ, મધુર ભંડારકર, સુનિલ શેટ્ટી, મિહિર ભુતા, મનોજ જોશી, નરેશ કનોડિયા, અબ્બાસ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

● વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસના સંભવિત ઉમેદવારોની ચર્ચાઓ આજે પંચાયતમાં કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકીની ચેમ્બરમાં થતી સાંભળવા મળી હતી.

● સચિવાલયમાં સાતમા પગાર પંચને લઈ કર્મચારીઓમાં થયેલા ફાયદાઓની ચર્ચાનો મુદ્દો હોટ ફેવરીટ હતો.

● વિધાનસભાના ઉપાધ્યક્ષ બનેલા શંભુજી ઠાકોરે વિધાનસભાની અંદાજ સમિતિના સભ્ય તરીકે રાજીનામુ આપી દીધુ છે.

● ગાંધીનગરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સેંટ ઝેવિયર્સના પ્રિન્સીપાલ ફાધર હેક્ટરનો આજે જન્મદિવસ છે જેની વિદ્યાર્થીઓ વિશેષ ઉજવણી કરનાર છે.

● શહેરના જાણીતા કલાકાર, હાસ્ય લેખક અને કલ્ચરલ ફોરમના મહામંત્રી પ્રકાશ લાલાના માતુશ્રી ગિરજાબાનું ૯૭ વર્ષની જૈફ વયે દુઃખદ અવસાન થયું છે.

## પાવન પર્યુષણ (બીજો દિવસ)

પ.પૂ.આચાર્ય ભગવન્તશ્રી નરરત્ન સૂરીશ્વરજી મ. સાહેબની અમૃતવાણી

### ક્ષમા એ વીરોનું આભુષણ છે

કોઈને મારી નાખવા કે કોઈનો માર ખાઈ લેવો એ શૂરવીરત અને કાયરતાની નિશાની નથી પણ સાથે દુશ્મનાવટ ખતમ કરી શકવી એ શૂરવીરતાની નિશાની છે. થોડુંક જતુ કરીને કે થોડું સહન કરીને પણ સામેના માણસના મનમાંથી દુરભાવ થાય અને આપણા મનમાંથી પણ નફરત દુર થાય એ જરુરી છે. આના માટે કોઈના અપશબ્દોની ભૂલી જઈને ક્ષમા આપવી જોઈએ. આવુ મહાન કાર્ય સામાન્ય માણસો કરી શકતા નથી. એટલે જ શાસ્ત્રો કહે છે કે ક્ષમા એ વીરોનું આભૂષણ છે. વીર પુરુષો ક્ષમા આપે તો શોભી ઉઠે છે. કારણ કે તેમનામાં યુદ્ધે ચડીને સામેનાને હરાવા જેટલું સામર્થ્ય હોવા છતાં એ દુશ્મનને નહી પણ દુશ્મનાવટને ખતમ કરવો ‘ક્ષમા’ નો રાહ અપનાવે છે.

આ ઉપરાંત વાર્ષિક ૧૧ કર્તવ્યો અંગે પણ પ્રવચન કરવામાં આવે



છે. આ કર્તવ્યો પ્રત્યેક જૈન શ્રાવકે વર્ષમાં એક વખત અવશ્ય આચરવા જોઈએ. આમ સામાન્ય અને સહજતાથી થઈ શકે તેવા નિયમો છે. પણ તેનું વર્ષમાં એક વખત પણ પાલન કરવાથી ઘણો જ આત્મલાભ થાય છે. આમ તો આપણે ત્યાં અનેક પર્વ ઉજવાય છે, પણ પર્યુષણ પર્વને વિશેષતા એ છે કે આ પર્વ ત્યાગથી ઉજવાય છે, તપસ્યાથી ઉજવાય છે. આ પર્વને અનુલક્ષીને જૈનો અઠ્ઠાઈ તપ કરે છે. અઠ્ઠાઈ તપમાં આઠ દિવસના ઉપવાસ કરવામાં આવે છે. આ ઉપરાંત જૈન પરંપરા મુજબના એટલે કે માત્ર દિવસ દરમિયાન ઉકાળેલા પાણી પીવાની છૂટ, તે સિવાય આહાર પાણીનો ત્યાગ કરવાનો હોય છે. તે જૈન ધર્મની જીવંતતા અને પરમાત્મા મહાવીર અને તેમની પરંપરાના સાધુ ભગવંતોના આશીર્વાદનો ચમત્કાર છે આથી જ તપ કરનાર પુણ્યવાનને કોઈ શાતા (તબીયતના સમાચાર) પુછે તો પ્રત્યુત્તરમાં તે તપસ્વી દેવગુરુ પસાય કહે છે. દેવગુરુ પસાય નો અર્થ પરમાત્મા અને સદગુરુના આશીષથી સારુ છે એમ થાય છે.

આવી તપસ્યાઓમાં પણ પર્યુષણના નિયમિત વિધિ-વિધાનો તો તે જૈનો અવશ્ય કરે જ છે કારણ કે, તેઓ સમજે છે કે પુજા, પ્રતિક્રમણ, પ્રવચન, પ્રભુભક્તિ જેવા પરંપરાગત અનુષ્ઠાનો જ આપણા પ્રાણ છે.

## સંત સરોવરમાં ન્હાવા પડેલો વાવોલનો યુવાન ડુબી ગયો

ગાંધીનગર પાસે સ્થિત વાવોલ ગામના તરપોજ વાસમાં રહેતા ૨૦ વર્ષિય યુવાન ગઈ સાંજે તેના મિત્રો સાથે ઈન્દ્રોડા પાછળ સંત સરોવર ખાતે નદીમાં ન્વાહા પડ્યો હતો. નદીમાં ખાડામાં ગરકાવ થઈ જતા ન્હાવા ગયો હતો. તેના મિત્રો નદી કિનારે ન્હાઈ રહ્યા હતા અને માઝ થોડો અંદરની તરફ ન્હાવા ગયો હતો. નદીમાં ખાડો આવતા પાણીમાં ગરકાવ થઈ ગયેલો માઝ ડુબી ગયો હતો. ગઈ સાંજથી માઝની શોધખોળ



આ યુવાન ડુબી ગયો હતો. આજે બીજે દિવસે તેનો નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરૂ કરી છે.

વાવોલ ગામના તરપોજ વાસમાં રહેતો ૨૦ વર્ષિય માઝ સિરાજભાઈ ઉમરભાઈ વોરા ગઈ સાંજે પોતાના મિત્રો સાથે ઈન્દ્રોડા પાસે સંત સરોવર ખાતે સાબરમતી નદીમાં ગાંધીનગર ફાયરબ્રિગેડ અને બહિયલના તરવૈયાઓ કરી રહ્યા હતા. દરમ્યાન આજે સવારે દશેક વાગ્યાના અરસામાં તેનો મૃતદેહ નદીમાંથી મળી આવ્યો હતો. ઈન્ફોસીટી પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ઘટનાની તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ મૃતક યુવાનના પરિવારજનોમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

## કુડાસણના બંધ મકાનમાં ઘરફોડ કરનાર બે શખ્સો પકડાયા

બે દિવસ અગાઉ કુડાસણ ખાતે સ્થિત ઉર્જાનગર-૧ ખાતેના બંધ મકાનમાં ઘરફોડ ચોરી થવા પામી હતી. આ ચોરી કરનાર બે શખ્સોને ઈન્ફોસીટી પોલીસે દબોચી લીધા છે. તો બીજી તરફ સેક્ટર-૭ ખાતે છેલ્લા એક માસથી બંધ મકાનના તાળા તોડી અંદરથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળી રૂ. ૧ લાખની મત્તાની ઘરફોડ થવા પામી હોવાનું પોલીસ ચોપડે નોંધાવા પામ્યુ છે.

કુડાસણ ખાતે સીટી પલ્સ થિયેટરથી થોડે દૂર આવેલી સોસાયટી ઉર્જાનગર વિભાગ-૧ ખાતે રહેતા હિરેનભાઈ લક્ષ્મણભાઈ પટેલ ૨૬ ઓગષ્ટે મકાનને તાળુ મારીને બહારગામ ગયા હતા. ૨૭ ઓગષ્ટે ઘરે પરત ફર્યા તો દરવાજાનો નકુચો તુટેલો હતો. તસ્કરો તેમના મકાનમાંથી રૂ. ૩ હજાર રોકડની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. તે જ રાત્રે કોબા ગામની સીમમાં રહેતા રોડ પરથી બે શકમંદોને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડ્યા હતા. દાહોદના ગરબાડા વિસ્તારના દિનેશ માનસિંગ નિનામા અને ધીરૂ ભાવસંગ પલાસ બંને શખ્સોની અંગઝડતી કરતા ચાંદીના કડલા અને બે મોબાઈલ ઉપરાંત રોકડ રૂપિયા મળી આવ્યા હતા. તે અંગે સઘન પુછતાછ કરતા ઉર્જાનગર ખાતે તે બંનેએ ઘરફોડ કરી હોવાની કબુલાત કરતા બંનેની ધરપકડ કરી ચોરીનો મુદ્દામાલ રીકવર કર્યો છે. આરોપીઓને કોર્ટમાં રજુ કરતા કોર્ટે ચાર દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

## સે. ૧૨ રાજપુત ભવન પાસેથી દારૂની પેટી સાથે બે ઝડપાયા

શહેરના સે-૧૨ રાજપુત ભવન નજીકથી વિદેશી દારૂની પેટી લઈને વેગનઆર ગાડીમાં હેરાફેરી થઈ રહી હોવાની બાતમીને આધારે ગઈ રાત્રે સેક્ટર-૭ના પીએસઆઈ એમ.પી. ચૌહાણ તથા ટીમે વૉચ ગોઠવી ગાડી પકડી પાડી હતી. ગાડી, બાઈક અને મોબાઈલ ઉપરાંત એક પેટી વિદેશી દારૂની બોટલો મળી ૧,૪૭,૮૦૦ના મુદ્દામાલ સાથે બે શખ્સોની ધરપકડ કરી લેવામાં આવી હતી. સે. ૫-બી પ્લોટ નં. ૬૫૪/૧માં રહેતા હિતેશ વિનોદ પટેલ અને સે. ૧૨-સી પ્લોટ ૩૭૧-એ-૨ ખાતે રહેતા નિકેત ભુપેન્દ્ર શાહ મળી બંનેની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરતા આરોપીઓના એક દિવસના રિમાન્ડ મંજુર કર્યા છે.

# શ્રાવણના છેલ્લા સોમવારે શિવાલયો દર્શનાર્થીઓથી ઉભરાયા

### ધોળેશ્વર મહાદેવ ખાતે સવારથી જ દર્શનાર્થીઓની લાંબીલચક લાઈનો લાગી : ભક્તોએ ભજન-કિર્તન-સાબરમતી સ્નાનનો લ્હાવો લીધો : મેળાનો માહોલ જામ્યો

ગાંધીનગર, તા. ૨૯

પવિત્ર શ્રાવણ માસ અંતિમ તબક્કામાં છે ત્યારે ભાવિક શ્રદ્ધાળુઓમાં ભક્તિનું ઘોડાપુર જોવા મળી રહ્યું છે. આજે શ્રાવણ માસના છેલ્લા સોમવારે શહેરના શિવાલયોમાં ભક્તો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જેના કારણે લગભગ દરેક શિવમંદિરે ‘મેળા’નો માહોલ સર્જાયો હતો. ગાંધીનગરની સાબરમતી નદીના કાંઠે સ્થિત અતિ પૌરાણિક ધોળેશ્વર મહાદેવ ખાતે પણ આજે સવારથી ભક્તોની લાંબીલચક લાઈનો જોવા મળી હતી અને મંદિરની આસપાસના પટાંગણમાં મેળો ભરાયો હતો. શહેરમાં ઠેર ઠેર વિવિધ ધાર્મિક આયોજનો પણ જોવા મળ્યા હતા.



છેલ્લા શ્રાવણિયા સોમવારે શિવાલયોમાં વહેલી સવારથી ભક્તોની ભીડ ઊમટી હતી અને દૂધ-પાણી તથા બિલિપત્ર, કમળ વગેરેના અભિષેકથી ભગવાન ભોળાનાથને રીઝવવા પ્રયાસો કર્યા હતા. શિવાલયોમાં ભજન-કિર્તન સાથે શિવમહિમ્ન સ્ત્રોતના પણ આયોજન કરાયા હતા. ભક્તોએ પણ ફુલ-બિલિપત્રો તથા દૂધ અને પાણીથી અભિષેક માટે લાઈનો લગાવી હતી. ધોળેશ્વર મહાદેવ ખાતે શ્રાવણ માસના દરેક સોમવારે મેળાનો માહોલ સર્જાય છે. એમાં પણ છેલ્લા સોમવાર હતો એટલે ભક્તોની સંખ્યા ખુબ વધુ જોવા મળી હતી. સવારથી જ દર્શન માટે લાંબીલચક લાઈનો લાગી હતી જે છેક મંદિરના પટાંગણ થઈને બહાર તૈયાર કરાયેલ રેલિંગો પાર કરીને પાર્કિંગ સુધી પહોંચી હતી. મેળાના કારણે અહીં જાતજાતની ચીજવસ્તુઓના વેપારીઓ પણ ઉમટી પડ્યા હતા. જેમાં નાના પાથરણાં-લારીવાળા ઉપરાંત વાહનોમાં વેપાર કરતા વેપારીઓ પણ હતા. આ સાથે કેટલાક સેવાભાવી ભક્તો દ્વારા તમામ દર્શનાર્થીઓને પ્રસાદમાં કેળાની વહેંચણી કરવામાં આવી હતી.

ધોળેશ્વર મહાદેવ નદીના કાંઠે હોવાથી રમણીય સ્થળ તરીકે દર્શનાર્થીઓની પસંદગીનું સ્થળ છે. અહીં દર્શનાર્થીઓ મંદિરમાં દર્શન-અભિષેક કરી નદીમાં પહોંચી સ્નાન પણ કરતા હતા. પૌરાણિક વાયકા મુજબ શ્રાવણ માસમાં ધોળેશ્વર મહાદેવ ખાતે સાબરમતીમાં સ્નાન એ ગંગા-સ્નાનનું પુણ્ય આપે છે. તેથી અહીં અનેક ભક્તોએ પરિવાર સાથે દર્શન અને સ્નાનનો લ્હાવો લીધો હતો.

